શુકનાવળી સંગ્રહ.

(ગુજરાતીમાં)

૩૬ જાતના જનાવરોના શુકનોનો

સંગ્રહ કરીને

છપાવી પ્રસિધ્ધ કરનાર

શા. કપુરચંદ ભવાન

ભટ. જટાશંકર હીરજી

ભટ. માધવજી મુળજી

આવૃત્તિ પહેલી.

અમદાવાદમાં

પાનકોરને નાકે [illegible]

“[illegible] બહાદુર” છાપખાનામાં

[illegible] છાપ્યું

સવંત ૧૯૪૧—સન ૧૮[illegible]

પ્રસ્તાવના *

આપણા દેશમાં સુકન જોવાનો ચાલ ઘણો છે અને તે બાબતની સંગ્રહ કરેલી બુક અથાપી સુધી છપાઈ પ્રસીદ્ધ થએલી નથી તે ખોટ પુરી પાડવા અમોને કેટલાક સદ ગ્રહસ્થો તરફથી કેટલીક વખત ભલામણ થવાથી આ બુકમાં દાખલ કરેલા વિષયોનો સંગ્રહ કરી પ્રસિદ્ધ કર્યો છે તેથી આશા છે કે દરેક સદ ગ્રહસ્થોને વખતો વખત ઉપયોગી થઈ પડશે.

આ બુકમાં બનતાં સુધી સુદ્ધ ગુજરાતી ભાષામાં સુધારેલ છે પરંતુ કોઈ વિષયમાં કોઈ કોઈ શબ્દોનો અર્થ નહી કરવા જેવા શબ્દો તેવાને તેવા રાખેલા છે જેમકે ક્રી. ક્રા. કઃ કઃ વીગેરે શબ્દોના અર્થ કરવા મુશકેલ જેથી કરી અસલ પ્રતમાં લખ્યા મુજબ છાપી પ્રગટ કરેલ છે શીવાય કોઈ હસ્ત દોસથી કોઈ જગ્યાએ ભુલચુક હોય તો વાંચનારી આલમ સુધારી વાંચવા બાબતની અમારી અરજ છે.

તારીખ ૨૧ અકટોંબર સને ૧૮૮૪

પુસ્તક છપાવનાર.

અનુક્રમણિકા.

—— ooo ——

પ્રસ્તાવના

આપણા દેશમાં સુકન જોવાનો ચાલ ઘણો છે અને તે બાબતની સંગ્રહ કરેલી બુક અદ્યાપી સુધી છપાઇ પ્રસીદ્ધ થએલી નથી તે ખોટ પુરી પાડવા અમોને કેટલાક સદ ગ્રહસ્થો તરફથી કેટલીક વખત ભલામણ થવાથી આ બુકમાં દાખલ કરેલા વિષયોનો સંગ્રહ કરી પ્રસિદ્ધ કર્યો છે તેથી આશા છે કે દરેક સદ ગ્રહસ્થોને વખતો વખત ઉપયોગી થઇ પડશે.

આ બુકમાં બનતાં સુધી સુદ્ધ ગુજરાતી ભાષામાં સુધારેલ છે પરંતુ કોંઇ વિષયમાં કોઇ કોઇ શબ્દોનો અર્થ નહી કરવા જેવા શબ્દો તેવાને તેવા રાખેલા છે જેમકે ઠી. ઠા. કઃ કઃ વીગેરે શબ્દોના અર્થ કરવા મુશકેલ જેથી કરી અસલ પ્રતમાં લખ્યા મુજબ છાપી પ્રગટ કરેલ છે શીવાય કોઇ હસ્ત દોસથી કોઇ જગ્યાએ ભુલચુક હોય તો વાંચનારી આલમ સુધારી વાંચવા બાબતની અમારી અરજ છે.

તારીખ ૨૧ અકટોમ્બર સને ૧૮૮૪

પુસ્તક છપાવનાર.

અનુક્રમણીકા.

———000———

સુકનાવળી સંગ્રહ*

ઘુડ કીવશે બોલેછે તેના શુકન

દોહરા.

જાણીલ્યો સહુ જુગતથી, સુકન ઘુડના સહેજ;
ખબર પડે ખરેખરી, બોલે ઉલ્લુ એજ. ૧

પુર્વ દીશા.

૧ પેહેલે પોહોરે બોલેતો લાભ થાય

૨ બીજે પોહોરે બોલેતો કષ્ટ દખાડે

૩ ત્રીજે પોહોરે બોલેતો લાભ ઘણો

૪ ચોથે પોહોરે બોલેતો મૃત લાભ કહે.

એ પુર્વ દીશાના શુકન જાણવા.

અગ્ની ખુણ

૧ પેહેલે પોહોરે બોલેતો અગ્ની ભય કહે

૨ બીજે પોહોરે બોલેતો કષ્ટ ઉપજાવે

૩ ત્રીજે પોહોરે બોલેતો ભય કહે

૪ ચોથે પોહોરે બોલેતો લાભ કહે.

એ અગ્ની ખુણાના શુકન જાણવા

દક્ષીણ દીશા.

૧ પેહેલે પોહોરે બોલેતો કષ્ટ દખાડે

૨ બીજે પોહોરે બોલેતો ચીંતા ભાગે

૩ ત્રીજે પોહોરે બોલેતો સુખ ઉપજાવે

૪ ચોથે પોહોરે બોલેતો સુખ, કલેશ ઉપજાવે.

એ દક્ષીણ દીશાના સુકન જાણવા

નઈરૂત્ય ખુણ.

૧ પેહેલે પોહોરે બોલેતો સંતોશ ઉપજે

૨ બીજે પોહોરે બોલેતો કષ્ટ દખાડે.

૩ ત્રીજે પોહોરે બોલેતો માહા ભય ઊપજે

૪ ચોથે પોહોરે બોલેતો માહા ઉદ્‌વેગ ઊપજે.

નૈરુત્ય ખુણાના શુકન જાણવા

પશ્ચિમ દીશા

૧ પેહલે પોરે બોલેતો મૃત્યુક દખે.

૨ બીજે પોહોરે બોલેતો ચીંતા ઉપજાવે,

૩ ત્રીજે પોહોરે બોલેતો ગર્થ પામે

૪ ૪ ચોથે પોહોરે બોલેતો માન પામે.

એ પશ્ચિમ દીશાના શુકન જાણવા

વાયવ ખુણ

૧ પેહલે પોહોરે બોલેતો સાજાથી શુખ થાય.

૨ બીજે પોહોરે બોલેતો ચીંતા ભય જાય,

૩ ત્રીજે પોહોરે બોલેતો ગઈ વસ્તુ પામે.

૪ ચોથે પોહોરે બોલેતો સુખની વાતો કહે.

એ વાયવ ખુણાના શુકન જાણવા.

ઊતર દીશા.

૧ પેહલે પોરે બોલેતો વસ્તુ પામે

૨ બીજે પોહોરબોલેતો લાભ કરે

૩ ત્રીજે પોરે બોલેતો ભય કરે

૪ ચોથે પોરે બોલેતો લક્ષ્મી પામે.

એ ઉત્તર દીશાના શુકન જાણવા.

ઈશાન ખુણ

૧ પેહલે પોરે બોલેતો લાભ દખાડે.

૨ બીજે પોરે બોલેતો મૃત્યુ વાર્તા કરે.

૩ ત્રીજે પોરે બોલેતો ઉદ્‌વેગ કરે.

૪ ચોથે પોરે બોલેતો ચીંતા ભય કરે.

એ ઇશાન ખુણાના શુકન જાણવા

આકાશે

૧ પેહલે પોહોરે બોલે તો કલેશ પામે.

૨ બીજે પોહોરે બોલેતો સત્રુ ભય થાય.

૩ ત્રીજે પોહોરે બોલેતો સંપદા પામે.

૪ ચોથે પોરે બોલેતો સુખ દેખાડે,

એ આકાશે ઊડતાં બોલે તેના શુકન જાણવા.

ઘુડ રાત્રીએ બોલે તેના શુકન.

દોહરા.

રાત્રી રાજા ઘુડ જે, બોલે જેવા બોલ;
તે ઉપરથી જાણવા, તુર્ત વચનના તોલ.

પુર્વ દીશા.

૧ પેહલે પોરે બોલેતો લક્ષ્મીનો લાભ થાય

૨ બીજે પોહોરે બોલેતો ચીંતા ઊપજે.

૩ ત્રીજે પોહોરે બોલેતો અગ્ની ભય થાય,

૪ ચોથે પોહોરે બોલેતો શુખનો લાભ થાય,

એ પુર્વ દીશાનાં શુકન જાણવાં-

અગ્ની ખુણ

૧ પેહલે પોરે બોલેતો અર્થ લાભ કરે

૨ બીજે પોહોરે બોલેતો શુખ પ્રાપ્ત થાય,

૩ ત્રીજે પોહોરે બોલેતો કલેશ થાય

૪ ચોથે પોહોરે બોલેતો રોગ વ્રધી થાય,

એ અગ્ની ખુણના શુકન જાણવા.

દક્ષીણ દીસા.

૧ પેહલે પોહોરે બોલેતો વેગળાની વાત કરે.

૨ બીજે પોહોરે બોલે તો સ્ત્રી પ્રાપ્ત થાય.

૩ ત્રીજે પોહોરે બોલે તો મીત્રનો લાભ થાય.

૪ ચોથે પોહોરે બોલે તોરોગની વૃધી થાય.

એ દક્ષીણ દીશાનાં સુકન જાણવા.

નઈહૃત્ય ખુણ.

૧ પેહેલે પોહોરે બોલે તો રોગની વૃધી થાય.
૨ બીજે પોહોરે બોલે તો રાજ માન્ય થાય.
૩ ત્રીજે પોહોરે બોલે તો ધનની પ્રાપ્તી થાય.
૪ ચોથે પોહોરે બોલે તો સ્ત્રી પ્રાપ્તી થાય.

એ નૈરૂત્ય ખુણનાં સુકન જાણવાં.

પશ્ચીમ દીશા,

૧ પેહેલે પોહોરે બોલે તો ચીંતા ઉપજાવે.
૨ બીજે પોહોરે બોલે તો અગ્ન ભય થાય.
૩ ત્રીજે પોહોરે બોલે તો ધનનો લાભ થાયે.
૪ ચોથે પોહોરે બોલે તો સુખની વૃધી થાય.

એ પશ્ચિમ દીશાનાં સુકન જાણવાં.

વાવ્ય ખુણ

૧ પેહેલે પોહોરે બોલે તો ધનનો લાભ થાય.
૨ બીજે પોહોરે બોલેતો મીત્રનો મેલાપ થાય.
૩ ત્રીજે પોહોરે બોલે તો રાજમાન્ય થાય.
૪ ચોથે પોહોરે બોલેતો ભય થાય.

એ વાયવ્ય ખુણનાં સુકન જાણવાં

ઉતર દીશા

૧ પેહેલે પોહોરે બોલે તો ચીંતા થાય.
૨ બીજે પોહોરે બોલે તો રાજાનુ મૃત્યુ થાય,
૩ ત્રીજે પોહોરે બોલે તો જસનો વધારો થાય.
૪ ચોથે પોહોરે બોલે તો ભય થાય,

એ ઉતર દીસાનાં સુકન જાણવાં.

ઈશાન ખુણ

૧ પેહેલે પોહોરે બોલે તો ભય ઉપજે,
૨ બીજે પોહોરે બોલે તો લાભ દેખાડે.
૩ ત્રીજે પોહોરે બોલે તો રાગ થાય,

૪ ચોથે પેહોરે બોલે તો ભય થાય.

એ ઇસાન ખુણાનાં સુકન જાણવા

ઇતી ઘુડના સુકન સમાપ્ત

અથ શીયાળનાં સુકન

દોહરો

સુકનાવળી શીયાળની, સુણજો સરવે જન
પ્રગટ પડશે પારખુ આનંદ પામે મન. ૧

સીયાળ દીવસે બોલે તેના સુકન

પુરવ દીશા

૧ પેહલે પોહોરે બોલે તો રાજાનો ભય
૨ બીજે પોહોરે બોલેતો કટકનો ભય થાય
૩ ત્રીજે પોરે બોલેતો રાજ્ય માન્ય થાય
૪ ચોથે પોહોરે બોલેતો અગ્નીનો ભય થાય,

એ પુર્વ દીશાના શુકન જાણવા.

અગ્ની ખુણ

૧ પેહલે પેહોરે બોલેતો અગ્નીનો ભય થાય,
૨ બીજે પોહોરે બોલેતો રાજમાં ભય થાય;
૩ ત્રીજે પોરે બોલેતો રાજય માન્ય થાય.
૪ ચોથે પોરે બોલેતો પુત્રની પ્રાપ્તી થાય.

એ અગ્ની ખુણના શુકન જાણવા

દક્ષીણ દીશા

૧ પેહલે પોરે બોલેતો મીત્રનો લાભ થાય.
૨ બીજે પોરે બોલેતો ધનનો લાભ થાય.
૩ ત્રીજે પોરે બોલેતો કસ્ટ વીજો થાય
૪ ચોથે પોરે બોલેતો હાની થાય

એ દક્ષીણ દીશાના શુકન જાણવા

નઈરૂત્ય ખુણ

૧ પેહેલે પેરે બોલેતો સંતાન પામે

૨ બીજે પોરે બોલેતો રાજ પ્રસાદ પામે,

૩ ત્રીજે પોરે બોલેતો ધનનો લાભ થાય

૪ ચોથે પોહોરે બોલેતો ધનની હાની થાય

એ નવરૂત્ય ખુણના શુકન જાણવા.

પશ્ચીમ દીશા

૧ પેહેલે પોહોરે બોલેતો મીત્ર વીરોધ થાય.

૨ બીજે પોહોરે બોલેતો લક્ષમીનો લાભ થાય,

૩ ત્રીજે પોહોરે બોલેતો રૂડી વાત થાય;

૪ ચોથે પોરે બોલેતો રાજાનો ભય થાય

એ પશ્ચિમ દીશાના શુકન જાણવા.

વાયવ્ય ખુણ

૧ પેહેલે પેહોરે બોલેતો પુત્રનો લાભ થાય

૨ બીજે પેહોરે બોલેતો ધનની હાણી થાય

૩ ત્રીજે પેહોરેબોલેતો પુત્રની હાણી થાય

૪ ચોથે પોહોરે બોલેતો શુખ સંતોશ થાય,

એ વાવ્ય ખુણના શુકન જાણવા

ઊતર દીશા

૧ પેહેલે પેરે બોલેતો માહા લાભ થાય.

૨ બીજે પોરે બોલેતો સ્ત્રી લાભ થાય.

૩ ત્રીજે પોહોરે બોલે તો વેરીનો નાસ થાય

૪ ચોથે પોહોરે બોલે તો મીત્ર પ્રાપ્તિ થાય

એ ઊત્તર દીશાનાં સુકન જાણવાં

ઈસાન ખુણ

૧ પેહેલે પોહોરે બોલે તો સ્ત્રી લાભ થાય

૨ બીજે પોહોરે બોલે તો અર્થ લાભ થાય

૩ ત્રીજે પોહોરે બોલે તો ચોરનો ભય થાય

૪ ચોથે પોહોરે બોલે તો મીત્ર લાભ થાય

એ ઇશાન ખુણનાં સુકન જાણવા।

સીયાળ રાતરે બોલે તેના સુકન

દોહરો

જાંબુક બોલે જામની, તેનો કરો તપાસ,
તે ફળ લેવા ઇછે તો, પોથી ધર નીજ પાસ. ૧

પુરવ દીશા,

૧ પેહલે પોહોરે બોલે તો લાભ દખાડે.

૨ બીજે પોહોરે બોલે તો રોગ થાય;

૩ તીજે પોહોરે બોલે તો કલેશ હોવે

૪ ચોથે પોહોરે બોલે તો સતરૂનો ભય થાય.

એ પુરવ દીશાના સુકન જાણવા.

અગ્ની ખુણ

૧ પેહલે પોહોરે બોલે તો અગ્નીનો ભય,

૨ બીજે પોહોરે બોલે તો દ્રવ્ય પ્રાપ્તી;

૩ તીજે પોહોરે બોલે તો પુન્ય પ્રાપ્તી,

૪ ચોથે પોહોરે બોલે તો પુત્ર પ્રાપ્તી.

એ અગ્ની ખુણના સુકન જાણવા

દક્ષીણ દીશા

૧ પેહલે પોહોરે બોલે તો અત્યંત કલંક,

૨ બીજે પોહોરે બોલે તો સ્ત્રી સમાગમ;

૩ તીજે પોહોરે બોલે તો ભય ઉપજાવે,

૪ ચોથે પોહોરે બોલે તો રોગ કષ્ટ હોવે.

એ દક્ષીણ દીશાના સુકન જાણવા,

નઈરૂત ખુણ

૧ પેહલે પોહોરે બોલે તો રોગ કલેશ થાય,

૨ બીજે પોહોરે બોલે તો ઉચી તો લાભ થાય;

૩ ત્રીજે પોહોરે બોલે તો દ્રવ્ય પ્રાપ્તી થાય,

૪ ચોથે પોહોરે બોલે તો રાજા પ્રસન્ન થાય,

એ નઇરૂત્ય ખુણના સુકન જાણવા,

પશ્ચીમ દીસા

૧ પેહેલે પેહોરે બોલે તો સર્પદાષ્ટી કહે,

૨ બીજે પોહોરે બોલે તો ચોરનો ભય;

૩ ત્રીજે પોહોરે બોલે તો ઘણો લાભ થાય,

૪ ચોથે પેહોરે બોલે તો હરખ કલ્યાણ થાય,

એ પશ્ચીમ દીસાના સુકન જાણવા,

વાવ્ય ખુણ

૧ પેહેલે પોહોરે બોલે તો ચોરનો ભય,

૨ બીજે પોહોરે બોલે તો દ્રવ્ય પ્રાપ્તી;

૩ તીજે પોહોરે બોલે તો પીડા કહે,

૪ ચોથે પોહોરે બોલે તો ઘર સુનો કહે

એ વાવ્ય ખુણના સુકન જાણવા

ઊતર દીશા

૧ પેહેલે પોહોરે બોલે તો ઉલકા પાત કહે

૨ બીજે પોહોરે બોલે તો સ્ત્રીહત્યા કહે,

૩ ત્રીજે પોહોરે બોલે તો અસ્ત્ર પ્રાપ્તિ.

૪ ચોથે પોહોરે બોલે તો વીછોડો થાય.

એ ઉત્તર દીશાના સુકન જાણવા.

ઈશાન ખુણ

૧ પેહેલે પોહોરે બોલેતો માશ ૧ ચોરનો ભય.

૨ બીજે પોહોરે બોલે તો અગ્ની ભય.

૩ તીજે પોહોરે બોલે તો રાજા મરણ.

૪ ચોથે પોહોરે બોલે તો ચોપદ નાશ કહે.

એ ઇસાન ખુણનાં સકન જાણવા

ઇતી શીયાળનાં સુકન સમાપ્ત

અથ ભેરવના સુકન

ભેરવ દીવસે બોલે તેના સુકન

દોહરા

ભગુકારો ભેરવ તણો, દીવશે થાયે જેહ;
ફરી જોવાને એહનું દાખ્યાં શુકન એહ.

પુરવ દીશા

૧ પેહેલે પોહોરે બોલેતો પંથ ભય,
૨ બીજે પોહોરે બોલેતો મરણ વાત;
૩ તીજે પોહોરે બોલેતો ચોર ભય
૪ ચોથે પોહોરે બોલેતો મારગ ભય

એ પુરવ દીશાના સુકન જાણવા,

અગની ખુણ

૧ પેહેલે પોહોરે બોલે તો મરણ શોક વાત.
૨ બીજે પોહોરે બોલે તો સંજોક વાત,
૩ તીજે પોહોરે બોલે તો ધન સુખ વાત.
૪ ચોથે પોહોરે બોલે તો સુખ સંમિ,

એ અગ્ની ખુણનાં સુકન જાણવાં.

દક્ષીણ દીશા

૧ પેહેલે પોહોરે બોલે તો લાભ વાત
૨ બીજે પોહોરે બોલે તો ક્લેસ વાત.
૩ તીજે પોહોરે બોલે તો પંથ ભય હોય.
૪ ચોથે પોહોરે બોલે તો દુખ હાણ.

એ દક્ષિણ દીશાનાં સુકન જાણવાં

નઈરૂત ખુણ

૧ પેહેલે પોહોરે બોલે તો ઘી લાભ.
૨ બીજે પહોરે બોલે તો અગ્ની ભય.
૩ ત્રીજે પોહોરે બોલે તો ચોર ભય.
૪ ચોથે પોહોરે બોલે તો રાજ ભય,

એ નઈરૂત ખુણનં સુકન જાણવાં

પશ્ચીમ દીશા

૧ પેહલે પોહોરે બોલે તો સુખ વાર્તા

૨ બીજે પોહોરે બોલે તો સંતોસ સંઘ.

૩ તીજે પોહોરે બોલે તો નરવ વારતા કહે.

૪ ચોથે પોહોરે બોલે તો દુખ મરણ.

એ પશ્ચિમ દીશાનાં સુકન જાણવા

વાઠય ખુણ

૧ પેહલે પહોરે બોલે તો મરણ શંકા

૨ બીજે પહોરે બોલે તો લક્ષ્મી નીંદા

૩ ત્રીજે પહોરે બોલે તો સંજોગ વાત

૪ ચોથે પોહોરે બોલે તો પંથ ભય હોય.

એ વાઠય ખુણના સુકન જાણવા

ઊતર દીશા

૧ પેહલ પોહોરે બોલે તો કાર્મ પ્રાપ્તિ.

૨ બીજે પોહોરે બોલે તો રાજા મરે.

૩ તીજે પોહોરે બોલે તો સરપ ભય

૪ ચોથે પોહોરે બોલે તો દેશ ભય.

એ ઉતર દીશાના સુકન જાણવા

ઈશાન ખુણ

૧ પેહલે પોહોરે બોલે તો અગ્ની ભય.

૨ બીજે પોહોરે બોલે તો નવી વાત.

૩ તીજે પહોરે બોલે તો શોક વાત.

૪ ચોથે પોહોરે બોલે તો કલેશ વાત

એ ઇશાન ખુણના સુકન જાણવા

ભેરવ અધ રાતરીએ બોલે તેના સુકન

દોહરો

અર્ધ જાય જવ જામની, ભેરવ બોલે બોલ;

સુકન જોઇ નીચે તણાં, કરજો તેના તોલ,

પુરવ દીશા

૧ પેહલે પોહોરે બોલે તો દેશમાંહે ભય
૨ બીજે પોહોરે બોલે તો મારગ ભય;
૩ ત્રીજે પોહોરે બોલે તો યુદ્ધ જીત વાત,
૪ ચોથે પોહોરે બોલે તો સંતોખ વાત.

એ પુરવ દીસાના સુકન જાણવા.

અગનો ખુણ,

૧ પેહલે પોહોરે બોલે તો માતા પીતા મરણ,
૨ બીજે પોહોરે બોલે તો પુત્ર પ્રાપ્ત;
૩ તીજે પોહોરે બોલે તો ભય હાણ,
૪ ચોથે પોહોરે બોલે તો ગોત્રી મરણ.

એ અગની ખુણાના સકન જાણવા.

દક્ષોણ દીસા

૧ પેહલે પોહોરે બોલે તો ચઉદ પદ લાભ,
૨ બિજે પોહોરે બોલે તો ગામ ઉચળે
૩ ત્રીજે પહોરે બોલે તો ગામ વશે
૪ ચોથે પહોરે બોલે તો રાજા ભય

એ દક્ષિણ દીશાના શુકન જાણવાં

નઈરુત ખુણ

૧ પેહલે પહોરે બોલે તો સ્ત્રી લાભ
૨ બીજે પહોરે બોલે તો રાજ વીરૂધ
૩ ત્રીજે પહોરે બોલે તો દેશભય
૪ ચોથે પહોરે બોલે તો ગઈ વસ્તુ આવે

એ નૈરૂત્ય ખુણનાં સુકન જાણવાં

પશ્ચીમ દીસા

૧ પેહલે પહોરે બોલે તો પલેવ ઉપદ લાભ
૨ બીજે પહોરે બોલે તો રાજન ભય

૩ ત્રીજે પહોરે બોલે તો વીછોડો મળે
૪ ચોથે પહોરે બોલે તો રાજ સનમાન

એ પશ્ચીમ દીશાનાં શુકન જાણવાં

વાવ્ય ખુણ

૧ પહેલે પહોરે બોલે તો સ્ત્રી મરણ
૨ બીજે પહોરે બોલે તો ભલી વાત
૩ ત્રીજે પહોરે બોલે તો ભુત પ્રેત ભય
૪ ચોથે પહોરે બોલે તો પરોણો આવે

એ વાવ્ય ખુણનાં શુકન જાણવાં.

ઊતર દીશા

૧ પહેલે પહોરે બોલે તો શુખ વારતા
૨ બીજે પહોરે બોલે તો વેપાર લાભ
૩ ત્રીજે પહોરે બોલે તો મીત્ર દુખ વાત
૪ ચોથે પહોરે બોલે તો ધન જન હાણ

એ ઉત્તર દીશાનાં સુકન જાણવાં

ઈસાન ખુણ.

૧ પહેલે પહોરે બોલે તો ધન હાણ થાય
૨ બીજે પહોરે બોલે તો રાજ મરણ
૩ ત્રીજે પહોરે બોલે તો પરોણો આવે
૪ ચોથે પહોરે બોલે તો મોટો ભય જણાય

એ ઈશાન ખુણનાં શુકન જાણવાં

ઈતિ ભેરવનાં સુકન સમાપ્ત.

અથ ખર વીચાર.

દોહરા.

ખગ વિચાર જે ખર તણો, જોતા જે જન ચહાય
કરે કામ તે જોઈને, ફળ રૂડુ તે ખાય. ૧

પુરવ દીશા.

૧ પહેલે પહોરે બોલે તો ધન પ્રાપ્ત કરે

૨ બીજે પહોરે બોલે તો સ્ત્રી સંગમ થાય
૩ ત્રીજે પહોરે બોલે તો અગ્નિ ભય
૪ ચોથે પહોરે બોલે તો કાયા કસ્ટ

એ પુરવ દીશાના શુકન જાણવા.

અગ્નિ ખુણ.

૧ પહેલે પહોરે બોલે તો સ્ત્રી વસ કહે
૨ બીજે પહોરે બોલે તો કલહ કરે
૩ ત્રીજે પહોરે બોલે તો સુખ સંતોશ
૪ ચોથે પહોરે બોલેતો મીઠુ ભોજન

એ અગ્નિ ખુણનાં સુકન જાણવાં

દક્ષીણ દીશા.

૧ પહેલે પહોરે બોલેતો પરોણા આવે
૨ બીજે પહોરે બોલે તો શુખ સંતોશ.
૩ ત્રીજે પહોરે બોલે તો અચંત સુખ
૪ ચોથે પહોરે બોલે તો મરણ સુણાવે

એ દક્ષિણ દીશાનાં શુકન જાણવાં

નઈરૂત ખુણ

૧ પહેલે પહોરે બોલે તો વરખા કરે
૨ બીજે પહોરે બોલે તો ભય કરે
૩ ત્રીજે પહોરે બોલેતો અચીંત વાત કહે
૪ ચોથે પહોરે બોલે તો કલ્યાણકારી

એ નઇરૂત્ય ખુણના શુકન જાણવા.

પશ્ચીમ દીશા

૧ પેહલે પોહોરે બોલેતો સુખ સંતોષ.
૨ બીજે પોહોરે બોલેતો મરણ વાત;
૩ ત્રીજે પોહોરે બોલેતો ધન પ્રાપ્તિ,
૪ ચોથે પોહોરે બોલેતો વિદ્યા લાભ.

એ પશ્ચિમ દીશાના શુકન જાણવા.

વાયવ્ય ખુણ

૧ પહેલે પહોરે બોલે તો લક્ષમી લાભ કહે

૨ બીજે પહોરે બોલે તો મીત્ર મેળો

૩ ત્રીજે પહોરે બોલે તો રાજ માન્ય કહે

૪ ચોથે પોહોરે બોલે તો ચોર ભય કહે

એ વાયવ્ય ખુણનાં સુકન જાણવાં

ઉતર દીશા.

૧ પહેલે પહોરે બોલે તો ચીંતા કહે

૨ બીજે પહોરે બોલે તો રાજાનું મત્યુ

૩ ત્રીજે પહોરે બોલે તો જશ વધે

૪ ચોથે પહોરે બોલે તો ભયકહે.

એ ઉતર દીશાનાં સુકન જાણવાં

ઈશાન ખુણ

૧ પહેલે પહોરે બોલે તો ભય ઉપજાવે

૨ બીજે પહોરે બોલે તો લાભ દેખાડે

૩ ત્રીજે પહોરે બોલે તો રોગ કહીએ

૪ ચોથે પહોરે બોલે તો મહાભય કહે

એ ઈશાન ખુણનાં શુકન જાણવાં

ઇતિ ખર (ગધેડા) સુકન સમાપ્ત.

અથ અઘોરી રૂપારેલના સુકન.

દોહરા

અઘોર આ પક્ષીના, સુકને ચાલે સાચ;

રૂડે શુકને ચાલશે, કશી ન આવે આંચ

પુરવ દીશા.

૧ પહેલે પહોરે બોલે તો કામ શીધ

૨ બીજે પહોરે બોલે તો ઉતાવળે કામ થાય,

૩ ત્રીજે પહોરે બોલે તો પુત્ર લાભ કહે

૪ ચોથે પહોરે બોલે તો જળ વૃષ્ટી કરે.

એ પુર્વ દીશાનાં સુકન જાણવાં,

આગની ખુણ.

૧ પહેલે પહોરે બોલે તો ભય આવે
૨ બીજે પહોરે બોલે તો મીત્ર મળે
૩ ત્રીજે પહોરે બોલે તો ચોરી વારતા
૪ ચોથે પહોરે બોલે તો ગામતરાં કહે

એ અગ્નીખુણનાં સુકન જાણવાં

દક્ષીણ દીશા.

૧ પહેલે પહોરે બોલે તો સંતોશ વારતા કહે
૨ બીજે પહોરે બોલે તો જળ વૃષ્ટી
૩ ત્રીજે પહોરે બોલે તો પંથી વાત કહે
૪ ચોથે પહોરે બોલે તો ચતુશ પદ લાભ

એ દક્ષીણ દીશાના સુકન જાણવા.

નઈરૂત્ય ખુણ

૧ પહેલે પહોરે બોલે તો સ્ત્રી સમાગમ
૨ બીજે પહોરે બોલે તો જળ વૃષ્ટી થાય
૩ ત્રીજે પહોરે બોલે તો દેશાંતર વળાવે
૪ ચોથે પહોરે બોલે તો સંતોષ કહે.

એ નઈરૂત્ય ખુણનાં સુકન જાણવાં

પશ્ચિમ દીશા

૧ પહેલે પહોરે બોલે તો મીત્ર આગમ
૨ બીજે પહોરે બોલે તો કામ શીધ્રી
૩ ત્રીજે પહોરે બોલે તો વસ્તુ લાભ
૪ ચોથે પહોરે બોલે તો અગ્ની ભય.

એ પશ્ચિમ દીશાનાં શુકન જાણવાં

વાયવ્ય ખુણ

૧ પહેલે પહોરે બોલે તો સમાધી કહે
૨ બીજે પહોરે બોલે તો વારૂ કામ કહે

૩ ત્રીજે પહોરે બોલે તો વેગળો થાય.

૪ ચોથે પહોરે બોલે તો મરણ વાત કહે

એ યા૦ય ખુણનાં શુકન જાણવાં

ઉતર દીશા

૧ પહેલે પહોરે બોલે તો સંતોશ કહે

૨ બીજે પહોરે બોલે તો પંથી વાત કહે

૩ ત્રીજે પહોરે બોલે તો લાભ થાય

૪ ચોથે પહોરે બોલે તો અગ્ની ભય.

એ ઉતર દીસાના સુકન જાણવા.

ઈશાન ખુણ.

૧ પહેલે પોહોરે બોલે તો લાભ કહે

૨ બીજે પહોરે બોલે તો સાંસતરોછે.

૩ ત્રીજે પહોરે બોલે તો સ્ત્રી લાભ

૪ ચોથે પહોરે બોલે તો દેશ ગમન કહે

એ ઇશાન ખુણનાં સુકન જાણવાં

ઇતિ અઘોરી રૂપારેલ સુકન સમાપ્ત

અથભોઈ શુકનાવળી દીવશની

દોહરા

જુઓ ભાઇ સરવે તમે, ભોઈ તણો ભણકાર;
ફળ પામે તેવું સદા કહું છું વારંવાર. ૧

પુરવ દીસા,

૧ પેહેલે પહોરે બોલે તો કટક આવે,

૨ બીજે પહોરે બોલે તો ઠાકુર મરણ,

૩ ત્રીજે પહોરે બોલે તો રાજા ભય.

૪ ચોથે પહોરે બોલેતો રાજા પ્રસન.

એ પુરવ દીશાના શુકન જાણવા.

અગની ખુણ

૧ પહેલે પહોરે બોલે તો હાણ્ય સુણાવે

૨ બીજે પહોરે બોલેતો ગામતરો કરે
૩ ત્રીજે પહોરે બોલે તો રાજવી ગરવે
૪ ચોથે પહોરે બોલે તો હરખ વારતા.
એ અગ્ની ખુણનાં શુકન જાણવાં

દખશીણ દીશા

૧ પહેલે પહોરે બોલેતો ઉચીંતો ભય.
૨ બીજે પહોરે બોલે તો સર્પ ભય.
૩ ત્રીજે પહોરે બોલે તો મરણ કહે
૪ ચોથે પહોરે બોલેતો ઉચીંતો ભય.
એ દક્ષિણ દીશાના સુકન જાણવાં

નઈરૂત્ય ખુણ

૧ પહેલે પહોર બોલેતો અકાળ મરણ
૨ બીજે પહોરે બોલેતો દેશમાં ભય
૩ ત્રીજે પહોર બોલે તો જે અકાળ મેહ
૪ ચોથે પહોરે બોલેતો શતરૂનો ભય
એ નૈરૂત્ય ખુણનાં સુકન જાણવાં

પશચિમ દીશા

૧ પહેલે પહોરે બોલે તો પર કટક કહે
૨ બીજે પહોરે બોલે તો અગ્ની ભય
૩ ત્રીજે પહોરે બોલે તો મરણ કહે
૪ ચોથે પહોરે બોલે તો વાણીજે લાભ
એ પશ્ચિમ દિશાનાં સુકન જાણવાં

વાયવ્ય ખુણ

૧ પહેલે પહોરે બોલે તો રાજ્યમાન્ય કહે
૨ બીજે પહોરે બોલે તો પુત્ર જન્મ કહે
૩ ત્રીજે પહોરે બોલે તો ગઇ વશતુ લાભ
૪ ચોથે પહોરે બોલે તો સગ્રામ દેખાડે.
એ વાવ્યખુણના શુકન જાણવાં.

ઊતર દીશા.

૧ પહેલે પહોરે બોલેતો સ્ત્રી મરણ

૨ બીજે પહોરે બોલેતો શતરૂ ગતી કહે

૩ ત્રીજે પહોરે બોલેતો દીન ૭ દેશ ચાલી

૪ ચોથે પહોરે બોલે તો હથીઆર ભય

એ ઉત્તર દીશાના શુકન જાણવાં

ઈશાન ખુણ.

૧ પહેલે પહોરે બોલે તો વેપાર લાભ

૨ બીજે પહોરે બોલે તો વ્યાધી ઉપજાવે

૩ ત્રીજે પહોરે બોલે તો વેરીના ભય

૪ ચોથે પહોરે બોલે તો અસ્વ લાભ

એ ઈશાન ખુણનાં શુકન જાણવાં

ઇતિ ભોઇ (જનાવર)નાં શુકન સમાપ્ત.

અથ ગણેશ શુકનાવળી.

દોહરા

ગુણ પક્ષી ગણેશના, બોય તાણાજ બનાવ;
તે સુકનથી ચાલસે, ભાલે તેવો ભાવ.

પુરવ દિસા.

૧ પેહેલે પહોરે બોલે ધન લાભ કહે

૨ બીજે પહોરે બોલે તો સ્ત્રી લાભ કહે

૩ ત્રીજે પહોરે બોલે તો અન દેખાડે

૪ ચોથે પહોરે બોલે તો ભાજ ગઇ

એ પુર્વ દીસાનાં શુકન જાણવાં

અગની ખુણ.

૧ પહેલે પહોરે બોલે તો સ્ત્રી લાભ

૨ બીજે પહોરે બોલે તો કલેશ દેખાડે

૩ ત્રીજે પહોરે બોલે તો હાણ કરે

૪ ચોથે પહોરે બોલે તો શુભ વાત કહે

એ અગ્નીખુણનાં શુકન જાણવાં

દક્ષીણ દીશા.

૧ પહેલે પહોરે બોલેતો પરોણો આવે
૨ બીજે પહોરે બોલે તો કલેશ દેખાડે
૩ ત્રીજે પહોરે બોલે તો સંતોશ દેખાડે
૪ ચોથે પહોરે બોલે તો પુત્ર લાભ કહે

એ દક્ષિણ દિસાનાં શુકન જાણવાં

નઈરૂત્યખુણ.

૧ પહેલે પહોરે બોલે તો કલેશ દેખાડે
૨ બીજે પહોરે બોલે તો બંધન કરાવે
૩ ત્રીજેપહોરે બોલે તો સંતોશ ઉપજે
૪ ચોથે પહોરે બોલે તો પુત્ર લાભ કહે

એ નઈરૂત્ય ખુણનાં શુકન જાણવાં

પશ્ચીમ દીશા.

૧ પહેલે પહોરે બોલે તો પ્રેમ ઉપજાવે
૨ બીજે પહોરે બોલે તો અગ્ની દેખાડે
૩ ત્રીજે પહોરે બોલે તો શત્રૂ નાશ કહે
૪ ચોથે પહોરે બોલેતો વાણીજ લાભ

એ પશ્ચિમ દીશાનાં શુકન જાણવાં,

વાવ્ય ખુણ

૧ પહેલે પહોરે બોલે તો કુશળ કહે
૨ બીજે પહોરે બોલે તો રાજા મીલે
૩ ત્રીજે પહોરે બોલે તો ગામ લાભ કહે
૪ ચોથે પહોરે બોલે તો કુશળ કહે

એ વાવ્ય ખુણનાં સુકન જાણવાં

ઊતર દીશા.

૧ પહેલે પહોરે બોલેતો વશતી લાભ
બીજે પહોરે બોલેતો અમૃત ભોજન

૩ ત્રીજે પહોરે બોલે તો ચોર ભય કહે

૪ ચોથે પહોરે બોલે તો હરખ ઊપજાવે

એ ઉતર દીશાનાં શુકન જાણવાં

ઈશાન ખુણ

૧ પેહલે પહોરે બોલે તો મિત્ર મળે શહી

૨ બીજે પહોરે બોલે તો ચેરનો ભય

૩ ત્રીજે પહોરે બોલે તો સુખ ભોજન કહે

૪ ચોથે પહોરે બોલે તો શાથ મીલે

એ ઇશાનખુણનાં શુકન જાણવાં

ઇતી ગણેશ જનાવરના સુકન સમાપ્ત

અથ કાલી દેવીનો વીચાર.

દોહરા

લાભ લેવાને જો ચહો, કાળી દેવનો કોય;
સુકન જોઇને સાંચરે, પામે ફળ તે શોય. ૧

પુરવ દીશા

૧ પેહલે પહોરે બોલે તો ઘણો લાભ કહે,

૨ બીજે પહોરે બોલે તો સુભ લાભ કહે

૩ ત્રીજે પહોરે બોલે તો દ્રવ્ય લાભ કહે

૪ ચોથે પહોરે બોલે તો સાજ પ્રશાદીક

એ પુરવ દીશાનાં શુકન જાણવાં.

આગની ખુણ.

૧ પહેલે પોહોરે બોલે તો લાભ હોવે.

૨ બીજે પોહોરે બોલેતો અરથ નાસ

૩ ત્રીજે પોહોરે બોલેતો મીત્ર આગમ;

૪ ચોથે પોહોરે બોલેતો મીત્ર આગમન.

એ અગ્ની ખુણના સુકન જાણવા.

દક્ષીણ દીશા

૧ પેહલે પોહોરે બોલેતો ઘણુ ભય ઉપજે

૨ બીજે પોહોરે બોલેતો પ્રાણ પીડા કહે

૩ ત્રીજે પોહોરે બોલેતો દ્રવ્ય લાભ

૪ ચોથે પોહોરે બોલેતો ધન લાભ

એ દક્ષિણ દીશાના શુકન જાણવા

નઈરૂત ખુણ.

૧ પેહલે પોહોરે બોલેતો પંથી આવે,

૨ બીજે પોહોરે બોલેતો ચોર ભય કહે

૩ ત્રીજે પોહોરે બોલેતો ચોર ભય કહે

૪ ચોથે પોહોરે બોલેતો બંધન કહે

એ નઇરૂત્ય ખુણના શુકન જાણવા

પશ્ચીમ દીશા

૧ પેહલે પોહોરે બોલેતો વરખા કહે

૨ બીજે પોહોરે બોલેતો લાભ કહે

૩ ત્રીજે પોહોરે બોલેતો શત્રુ ભય કહે

૪ ચોથે પોહોરે બોલેતો સુભ વાત કહે

એ પશ્ચિમ દીશાના શુકન જાણવા

વાયવ ખુણ.

૧ પેહલે પોહોરે બોલેતો મીત્ર આગમ

૨ બીજે પોહોરે બોલેતો સ્રી લાભ

૩ તીજે પોહોરે બોલેતો પીડા ઉદ્વેગ

૪ ચોથે પોહોરે બોલેતો સ્રી લાભ

એ વાયવ ખુણના શુકન જાણવા

ઊતર દીસા

૧ પેહલે પોહોરે બોલેતો લક્ષમી લાભ

૨ બીજે પોહોરે બોલેતો વસ્ત્ર લાભ

૩ ત્રીજે પોહોરે બોલેતો લક્ષ્મી લાભ

૪ ચોથે પોહોરે બોલેતો ત્રાસ કહે.

૫ પાંચમે પોહોરે બોલેતો (રાત્રી)ભય દષે

એ ઉત્તર દીશાના શુકન જાણવા

ઈશાન ખુણ

૧ પેહલે પોહોરે બોલેતો ગણો લાભ

૨ બીજે પોહોરે બોલેતો લાભ કહે

૩ ત્રીજે પોહોરે બોલેતો વસ્ત્ર લાભ

૪ ચોથે પોહોરે બોલેતો પીડા કરે

૫ પાંચમે પોહોરે બોલેતો (રાત્રી) ભય કહે

એ ઈશાન ખુણના શુકન જાણવા.

માથે

૧ પેહલે પોહોરે બોલેતો લક્ષ્મી લાભ

૨ બીજે પોરે બોલેતો દ્રવ્ય લાભ

૩ તીજે પોરે બોલેતો લક્ષ્મી પ્રાપ્તી

૪ ચોથે પોરે બોલેતો ત્રાસ કહે

૫ પાંચમે પોહોરે બોલેતો (રાત્રી) લાભ કહે

એ માથે એટલે આકાશે ઉડતાં બોલે તેના સુકન જાણવા

ઈતી કાળી દેવીના સુકન સમાપ્ત

અથ કુતરાં કાન કરે તેનો વીચાર

દોહરો

સ્વાન સુકન સર્વે જુઓ, કાન કરેછે જેહ;
ફળ તેનુ ફોકટ નહી, જો નીચે ધરી નેહ;

પુરવ દીશા

એ દીશાએ કાન કરેતો ચીતવ્યા કામનો નાશ કરે

અગની ખુણ

એ દીશાએ કાન કરેતો અસુભ માઠુ સંભળાવે

દક્ષણ દીશા

એ દીશાએ કાન કરે તો લાભ સુખની વાત કહે.

નઈરૂત ખુણ

એ દીશાએ કાન કરે તો સુખ સંતોષ લાભ કહે.

પસચીમ દીશા

એ દીશાએ કાન કરે તો કળેશ રોગ સંભળાવે.

વાઅય ખુણ

એ દીસાએ કાન કરે તો કળેશ ઉચાટ જણાવે.

ઊતર

એ દીશાએ કાન કરે તો કળેશ ઉચાટ જણાવે.

ઈશાન ખુણ

એ દસાએ કાન કરે તો અસુભ વાત કહે.

ઇતી કુતરાં કાન ફડ ફડાવે તેના સુકન સમાપ્ત

અથ જોગણી ચક્ર

દોહરો

દસાસુરના દાખવ્યા, આ નીચે ફરી જોય;
આ ચક્ર જોઇ ચાલતું, સીધ કામ સહુ હોય.

પુરવ દીશા

પડવો ને નોમ એ તીથીએ પુરવ દીશાએ જોગણી હોય

અગ્નિ ખુણ.

ત્રીજ એકાદશી એ તીથીએ અગ્નિ ખુણે જોગણી હોય.

દક્ષીણ દીશા.

પાંચમ તેરસ એ તીથીએ દક્ષણમાં જોગણી હોય

નઈરૂત ખુણ

ચોથ બારસ એ તીથીએ નૈરુત્ય ખુણે જોગણી કહીએ.

પશ્ચીમ દીસા

છઠ ચઊદશ એ તીથીએ પશ્ચીમ દીસાએ જોગણી કહીયે.

વાઅય ખુણ

સાતમ પુનમ એ તીથીએ એ દીશાએ જોગણી હોય.

ઊતર દીશા

બીજ દશમ એ તીથીએ એ દીશાએ જોગણી હોય.

ઈશાન ખુણ

આઠમ ને અમાશ એ તીથીએ એ દીશાએ જોગણી હોય.

ઇતી જોગણી (દશાશુળ) ચક્ર સમાપ્ત.

અથ વાયસ વીચાર

દોહરા.

વાયસ વચન સુણી સહુ, શોક ન ધરશો કોય,
જેવી વેળા બોલશે, તેવું ફળ તે હોય.

પુરવ દશા,

૧ પેહલે પોહોરે બોલે તો અર્થ આવે શહી,
૨ બીજે પોહોરે બોલે તો પરવસ આવે,
૩ તીજે પોહેરે બોલે તો કલેસ દખાડે,
૪ ચોથે પોહોરે બોલે તો ભય વારતા કહે.

એ પુરવ દીસાના સુકન જાણવા.

અગનો ખુણ

૧ પેહલે પોહોરે બોલે તો વરસાદ વરસે,
૨ બીજે પોહોરે બોલે તો સ્ત્રી લાભ
૩ તીજે પોહોરે બોલે તો સંતોષ ઉપજે,
૪ ચોથે પોહોરે બોલે તો સુખ પામે,

એ અગ્ની ખુણના સુકન જાણવા.

દક્ષીણ દીશા.

૧ પેહલ પોહોરે બોલે તો સ્ત્રી મેળાપ થાય,
૨ બીજે પોહોરે બોલે તો શરવેને સુખ કહે,
૩ તીજે પોહોરે બોલે તો ભય કહે,
૪ ચોથે પોહોરે બોલે તો સુખ વારતા કહે,

એ દક્ષીણ દીશાના સુકન જાણવા.

નઈરૂત ખુણ

૧ પેહલે પોહોરે બોલે તો સંતાપ વારતા કહે,
૨ બીજે પોહોરે બોલે તો રાજાનુ મરણ,
૩ તીજે પોહોરે બોલે તો ગામનો લાભ કહે.

૪ ચોથે પોહોરે બોલે તો સુખ પામે.

એ નઇરૂત ખુણના સુકન જાણવા,

પશ્ચીમ દીશા

૧ પેહેલે પોહોરે બોલે તો વરસાદ વરસે,

૨ બીજે પોહોરે બોલે તો શતોષ કહે

૩ તીજે પોહોરે બોલે તો સુખ પામે,

૪ ચોથે પોહોરે બોલે તો પુત્ર લાભ કહે.

એ પશ્ચીમ દીશાના સુકન જાણવા.

વાઇવ્ય ખુણ.

૧ પેહેલે પોહોરે બોલે તો સુખ પામે,

૨ બીજે પોહોરે બોલે તો મીત્ર મરણ સાંભળે;

૩ તીજે પોહોરે બોલે તો પુત્ર લાભ કહે;

૪ ચોથે પોહોરે બોલે તો સ્ત્રી લાભ કહે,

એ વાઇવ્ય ખુણનાં સુકન જાણવા.

ઊતર દીશા

૧ પેહેલે પોહોરે બોલેતો મીત્ર લાભ કહે

૨ બીજે પહોરે બોલેતો સુખ કહે

૩ ત્રીજે પોહોરે બોલેતો ભય ઉપજાવે

૪ ચોથે પોહોરે બોલે તો લાભ દેખાડે.

એ ઉતર દીશાના શુકન જાણવા.

ઈસાન ખુણ.

૧ પહેલે પોહોરે બોલેતો લાભ દેખાડે;

૨ બીજે પહોરે બોલેતો કલેશ ઉપજે

૩ ત્રીજે પહોરે બોલેતો ધન લાભ કહે

૪ ચોથે પહોરે બોલેતો રાજા પ્રસન

એ ઇશાન ખુણના શુકન જાણવા.

ઇતી વાયસ (કાગડા)નાશુકન સમાપ્ત

પહેલે પહોરે વાયસ બોલે તેના શુકન.

દોહરા

પોરે પોરે કાગડો, કરે જેહ પેકાર,
તે ફળ લેવા ચાહોતો, આ પાશે જો યાર;

પુરવ દીશા.

કોં કો એ શબ્દ બોલેતો મન કામના શીદ્ધિ થાય

અગ્નીં ખુણ.

લ્કોં લ્કીં લ્કી એ શબ્દ બોલેતો ઠાવે કામ સીધ થાય

દખશાણુ દીશા

કો કો કો એ શબ્દ બોલેતો મેગની વૃષ્ટી કરે,

નઈરૂત ખુણ

કા કો કો ક એ શબ્દ બોલેતો મનચીતવ્યુ કામથાય

પસચીમ દીશા

ઑ ઑ ઑ એ શબ્દ બોલેતો મીત્રનોવીયોગ કહે

વાયુ ખુણ

કઃ કઃ કઃ એ શબ્દ બોલેતો મીત્રનો આગમ કહે

ઊતર દીશા

લ્કોંલ્કીં લ્કોંકઈએ શબ્દબોલેતોસુભવારતાસંભળાવે

ઈશાન ખુણ

કલલલ એ શબ્દ બોલેતો ક્ષેમ કલ્યાણરૂડી વાતસંભળાવે

ઈતી પહેલે પહોરે કાગ બોલે તેના સુકન સમાપ્ત.

અથ બીજે પહોરે કાગ બોલે તેના શુકન.

પુરવ દીસા.

કઃ કઃ કઃ એ સબ્દ બોલેતો મરણ ઉદવેગ ભય કહે

અગ્ની ખુણ

ઑ ઑ ઑ એ શબ્દ બોલેતો શોક વાત શંભળાવે

દક્ષીણ દીશા.

લ્કોં લ્કોં લ્કોં એ શબ્દ બોલેતો નવી વાત સંભળાવે

નઈરૂત ખુણ

કો કોં કો એ સબ્દ બોલેતો ભલી વાત સુણાવે

પશ્ચામ દીશા

કોં કોં કોં એ સબ્દ બોલેતો વેગળાનો વાત સાણાવે.

વાયવ ખુણ

કઃ કઃ કઃ એ શબ્દ બોલેતો રાજાનો શોક કહે

ઊતર દીશા

કા કઃ કો એ સબ્દ બોલેતો મીત્રનુ આગમન કહે

ઈસાન ખુણ

કુ કુ કુ એ શબ્દ બોલેતો રૂડી વાત સંભળાવે.

ઇતી બીજા પહોરના સુકન સમાસ.

અથ ત્રીજે પહોરે કાગ બોલે તેના સુકન.

પુરવ દીશા,

કઃ કઃ કઃ એ શબ્દ બોલેતો મરાણ વાત સંભળાવે

અગનો ખુણ

કુ કુ કુ એ શબ્દ બોલે તો અગ્નીનો ઊપદ્રવ કહે.

દક્ષીણ દીશા

કુરલલલ એ શબ્દ બોલે તો અભ્યાગત આગમન કહે.

નઈરૂત ખુણ

કાં કા કા એ સબ્દ બોલે તો મીઠી વાત સંભળાવે.

પશ્ચિમ દીશા

કીં કીં કીં એ શબ્દ બોલે તો સજન વિરોધ કહે.

વાયવ ખુણ

કઃ કઃ કઃ એ સબ્દ બોલે તો ઇષ્ટ આગમન વાતકહે

ઊતર દીશા

કીં કીં કીં એ સબ્દ બોલે તો સુભ વારતા સુણાવે

ઈસાન ખુણ.

કુરલલક્ષ એ શબ્દ બોલે તો ક્ષેમ કલ્યાણ વાત કહે.

ઇતિ કાગ ત્રીજે પોહોરે બોલે તેના સુકન શમાસ.

ચોથા પહોરની સુકનાવળી સંસોધન કરતાં હાથ ન ચ઼ી લાગવાથી દાખલ કરવામાં આવી નથી.

અથ કાગ માળા વીચાર

દોહરા

માળો બાંધે કાગડો, તે જોવા ધર્યં ટેવ
નકી કરો નીજ મન વિશે, તો રૂડા ફળ સેવ.

વરસ ઉપર જે કાગડો વ્રક્ષની ડાળે પુર્વ દીશે માળો ઘાલે તો સુભક્ષ થાય. જો કાગડો માળો અગની ખુણે કરે તો વરસાદ થોડા નીપજ થોડીજ થાય, જો કાગડો દક્ષિણ દીશાની ડાળે માળો કરે તો માસ બે વરસાદ વરશે, જો કાગડો નઇરૂત્ય ખુણની ડાળે માળો કરે તો પહેલો વ્રખા થોડી પછે ઘણી થાય જો કાગડો પશ્ચિમ દીશાના ડાળે માળો કરે તો વ્રખ ઘણી થાય. જો કાગડો વોવ્ય ખુણની દીશે માળો કરે તો વ્રખા થોડી થાય નીપજ થોડી થાય. ઉતર દીશાની ડાળે કાગડો માળો કરે તો સુગાળ થાય. પણ કોઇક દેશનો રાજા મરે જો કાગડો ઇનશાનખુણની ડાળે માળો કરે તો થોડો વ્રખા થાય, નીપજ થોડી થાય. જો કાગડો વ્રક્ષની ઊચી ડાળે માળો કરે તો વરસાદ મોડો થાય પણ નીપજ વારૂ થાય જો કાગડો વૃક્ષને થડે માળો કરે તો વરસાદ વહેલો થાય. જો કાગડો ભુમી માંહે માળો કરે તો વીતરહ થાય, ગામ સુનુ થાય ઠાકુર નાશી જાય. જો કાગડો નદીને કાંઠે માળે કરે તો સુગાળ થાય.

ઇતી કાગમાળાનો વિચાર સમાપ્ત,

અથકાગ પીંડનો વીચાર

તેમાં લાભ, અલાભ, જીવત. મરણ, જય, પરાજય. સુગાળ, દુકાળ, અતીત, અનાગત એટલાં વાનાં જાણવાં

દોહરા

સુભ અસુભન કારણે કાગ પીડ વિચાર;
પળમાં પડશે પારખુ, એજ સુકનનુ થાર. ૧

૧ ચોખા અને ગોળ એકઠાં કરીને પીંડ ત્રણ કીજે પેહેલે પીંડે બળદ. બીજે ઘોડો. ત્રીજે હાથી ચીતવી એ સર્વે કામને વિશે બળદને કાગ અડેતો ઉત્તમ, ઘોડે મધ્યમ હાથીએ રાજ ભય,

૨ વિવાનો વાસો પીંડ ત્રણ કીજે પહેલે ગોળ બીજે ચોખા. ત્રીજે લીંબ પાન એ રીતે ચીતવીએ, ગોળે કાગ અડેતો રૂડો. ચોખે ઘણોજ રૂડો, લીંબ પાને પાને અડે તો નીખર

૩ લાભને અરથે પીંડ ત્રણ કીજે પેહેલે પીંડે ધાન બીજે ચણ્યા ત્રીજે પ્રાણી ચીતવીએ. ધાને કાગ અડેતો રૂડો ચણે અડેતો મધ્ય. અને પાણીએ અડે તો નીખર (નેષ્ટ)

૪ મગળીકનો વાસો પીંડ ત્રણ મુકીએ પહેલે ધાન બીજે ચણ્યા, ત્રીજે પાણી ધાને રૂડુ, ચણ્યાએ મધ્યમ અને પાણીએ અડેતો નીખર (નેષ્ટ)

૫ વ્યાધી નીમત પીંડ ત્રણ કીજે પહેલે ચોખા બીજે પાષાણ. ત્રીજે અંગારા ચીતવીએ ચોખાએ કાગ અડે તો આરોગ્યતા, (સારો) પાષાણે જય. અને અંગારે કાગ અડે તો મચુક,

૬ પુત્ર નીમત પીંડ ત્રણ કીજે પેહેલે ગોળ. બીજે હળદલ, ત્રીજે અગંરા ચીતવીએ ગોળે અડેતો પુત્ર હોય, હળદરે પુત્રી હોય અને અંગારે ગરભ ગળે,

૭ ધન નીમતે પીંડ ત્રણ કીજે પેહેલે સિંહ બીજે હાથી અને ત્રીજે ખર ચીતવીએ સિંહે જય. હાથીએ સીદ્ધી, અને ખરે ભંગ.

૮ વરસાદ નીમત પીંડ ત્રણ કીજે પેહલે પાણી, બીજે માટી. ત્રીજે અંગારા ચીતવીએ પાણીએ અડેતો વહેલો વરશે માટીએ આઠ દીન વરશે. અને અંગારે કાગ અડેતો દુકાળ પડે,

૯ પરદેશ જાવાના પીંડ ત્રણ કીજે પેહલે ઘોડો, બીજે હાથી, ત્રીજે ગધેડો ચીતવીએ ઘોડે વેહેલો આવે હાથીએ સાંસતો આવે અને ગધેડે અડે તો મુળગો આવે નહીં, એ એનો મંત્ર

મંત્ર

ઉંનમો કરલી વલી સ્વાહા વારસાત ઇણે મંત્રે પીંડત્રણ મંત્રીને મુકીએ પછે જોઇએ જે સત્યછે કાગ ચડાગની.

અથ છીંકના વીચાર

દોહરા

છી છીં છીંકો થાયજે, જોવા સુકન તેહ
કહો કામ વીચારીને આ સુકનછે એહ ૧

પુર્વ દીસાની છીંક ચીંતા કરાવે અગ્ની ખુણની છીંક સુખ હોય ભલી દક્ષીણ દીસાની છીંક હાણ ઊપજાવે, નઇરૂત ખુણની છીંક ભલી પશ્ચીમ દીશાની ભલી વાવ્ય ખુણની છીંક ભલી ઉત્તર દીસાની છીંક પાડવી કળહકારી હાણ કરે. ઇશાન ખુણની છીંક ભલી સુખ હોય ઉચી છીંક પાડવી નીચી છીંક ભલી.

ઇતી છીંક વીચાર સમાપ્ત

અથ રવિવારની છીંકનો વીચાર

દોહરા

સુકન સુર્ય વારના છીંક તણાંછે જોય;
સારા નરસા સુકનથી હાણ વરધ તો હોય. ૧

૧ પુર્વ દીસાની છીંક શુભ લાભ

૨ અગ્ની ખુણાની છીંક વીલંબ કરે

૩ દક્ષીણ દીશાની છીંક ભલી લાભ થાય

૪ નઇરૂત્યની છીંક મરણ કહે

૫ પશ્ચીમ દીસાની છીંક ભલી સુખ થાય

૬ વાયવ ખુણની છીંક સજન મીલે

૭ ઉતર દીશાની છીંક થાયતો સુખ લાભ કહે

૮ ઇસાન ખુણની છીંક ભલી

ઇતી રવીવારની છીંક વીચાર સમાપ્ત

અથ પુનેમ વીચાર

દોહરા

પારખુ પુનમ તણું, જોવાને જો ચહાય;
નાણું મેળવશે નકી લખ્યા પ્રમાણે થાય.

૧ ચઇત્ર માસની પુનમ નીરમલી ભલો અથવા તે દાડે ગ્રહણ ઉલકા પાત ભુમે કંપ જળગીંહુ પડે ચંદ્ર સુર્ય પાખાણ ખાલીઆ હોય તે ધુમકેતુ દશરજો પ્રગટી હોય તો સરવે ધાન સંગ્રહ કરવું પાંચમે માસે બમણો લાભ હોય.

૨ વઇશાખની પુનેમ એવીજ હોય તો કપાસ અડદ મગ સંગ્રહ કરવા માસ ચોથે બમણો લાભ થાય,

૩ જેઠની પુનેમ નીરમલી ભલી હોય તો જળ પાખ જ હોય તો સરવે ધાન સંગ્રહ કરવો સાતમે મહીને લાભ થાય સહી.

૪ અષાડની પુનેમ ગુંડલી ભલી પ્રગટી આજવીજ હોય તો સરવે ધાન વેચવું અશાડી પુનેમ નીરમળી ભલી તે હોવે તો સરવે ધાન સંગ્રહવું પાંચમે મહીને લાભ થાય.

૫ શ્રાવણની પુનમ નીરમળી હોય તો ઘત તેલનો સંગ્રહ કરવો ત્રીજે માસે લાભ થાય.

૬ ભાદરવાની પુનમ આભ છાયા હોય તો સરવે ધા
ન વેચવુ.

૭ આશોની પુનમ નીરમળી ભલી વાદળ હોય તો
સરવે ધાનનો સંગ્રહ કરવો બીજે માસે લાભ થાય.

૮ કારતકી પુનમ નીરમળી ભલી જો વાદળ તો ગ્રતનો
સગ્રહ કરવો ધાન વેચવામાં પાંચમે માસે લાભ
થાય

૯ માગશરની પુનમ નીરમળી ભલી આભ છાયા હોય
તો ધ્રતનો સંગ્રહ કરવો ધાન વેચવુ.

૧૦ પોસના પુનમ વાદળ સહીત ભલી રજો વૃષ્ટી
ધુઅર ભલી મવલો માઓ કુકમ સંગ્રા તેમાં સાતમે
માસે લાભ થાય.

૧૧ માહાની પુનમ નીરમળી ભલી વાદળ હોય તો ધા
ન સગ્રહવો સાતમે માસે લાભ થાય

૧૨ ફાગણની પુનમ નીરગળી આભ છાયા હોય વૃષ્ટી
હોય ગાજે તો સરવે ધાન શંગ્રહવો આસો માસે બમ
ણો લાભ થાય.

ઇતી પુનમ વીચાર સમાપ્ત.

અથ માહાના પુનમનો વીચાર

દોહરા

મોટી પુનમ માઘની; માહા હુઅંગી જોય;
તે મહુરત આ પાસના, લખયા પ્રમાણે હોય. ૧

માહાની પુનમ નીરમળી ભલી હોય તો અસાડે ધાન
સોઘુ હોય અને વૃષ્ટી ગાજવીજ હોય તો અસાડ કો
રો ધાન મોઘો પણ શ્રાવણનો અધારી જેઠ વદ ૧
વાર બુધ હોય તો વરીસહ ભલીય હોય વદી ૭ તથા
૮ તથા ૯ વાદળ હોય તો ભાદરવો આસો વૃષ્ટ ફાગ
ણ સુદી ૮ વાદળ હોય તો શ્રાવણ સુદી ૯ વરષ્ટ મા

ધા વદી ૧૪ તથા સુદ ૧ દીન ત્રણ અંભ છાયા હોય તો આસો સુદ ૫ વરસે ફાગણ સુદી ૧૪ ને દીન ઠાર પડે તો ચોમાસો સમારે ફાગણ શુદ ૫ એરમ વાયરો પછી ઉતરાય તો ચોમાસો નીવડે વાયરો ઉગમણો તથા અગ્ની વાય તો ચોમાસુ કોરૂ ઈશાન દક્ષીણ વાય તો ચોમાસુ કાઢ કરે ધાન મોઘુ વાય. ખુણનો વાય તો ચોમાસો માસ ત્રણ અંબર છાંઈ રેહે ચઈતર સુદ ૫ વાદળા ગાજ વીજ હોય તો અસાડ કોરો સુદ ૭ તે એટલો હોય તો શ્રાવણ કોરોજ સુદ ૧૫ ચઈતરની વર ષ્ટી ગાજવીજ હોય તો ચોમાસો વણસે ધાન મોંઘા વાંયરો પછી ઉતર વાય ખુણનો ભલો નઈરૂતનો વાય તોપણ આરામ હોય તોપણ વ્રષ્ટ ન હોય વીજ વાય ત્ર ણ હોય વાતો વરસ વણસે.

ઈતિ મહાની પુનમનો વીચાર સમાપ્ત

અથ શંકરાંતી વીચાર.

દુહા.

મળીને બારે માસનો, સંક્રાતી વિચાર;
આ પાસેનો એહછે, જો જો મારા યાર. ૧

૧ ચઈત્ર માસે મેખ સકરાંત આદીત મંગળ સની વારી હોય તો ઘઉ ચણા મોઘા કરે.

૨ વઈશાખ માસે વ્રખ સંક્રાંત રવી. મંગળવારી હોય તો મગ ઘઉ ચણા મોઘા હોય.

૩ જેઠ માશે મઈથુન શંકરાંત આદીત મંગળ સની વારી હોય તો પાપ મતી લોકા દેશ નગર લોક પીડા રોગ ઘણા ધાન મોઘાં.

૪ અસાડ માસે કરક સંકરાંત રવી મંગળ શનીવારી હોય તો મધ્ય. મેઘ સઘળે વરસે રોગ ઘણા ધાન મોઘા નીપજે દધા પડે અગ્ની ઉપદ્રવ ધાન મોઘા.

૫ શ્રાવણ માસે શીંહ સંક્રાંત તીમજ હોયતો ઘણ શમાન મેઘ વર્સે.

૬ ભાદરવે કન્યા સંક્રાંત સનીવારી હોય તો થોડો મેઘ ધાન ઘણું વાય ઘણું અન વધુપે.

૭ કારતક માસે વ્રશ્ચિક સંક્રાંત આદીતવારે હોયતો ધાન નીપજે સનીવારી હોય તો દેશ ભંગ થાય રોગ પીડા મંગલવાર ધાન સંગ્રહ કરવા.

૮ માગસર માસે ધન સંક્રાંત આદીત મંગળ સનીવારી હોય તો સાંગલે દેશ રાંજ પીડા કપાશીઆ તેલ ઘ્રત મોંઘાં કરે.

૯ પોસ માસે મકર શંક્રાંત સનીવારી હોય તો ભંય ઘણા ધાન તમણો મુલ આદીત હોય તો ક્ષત્રી યુધ પીડા.

૧૦ મહામાસે આદીતવારી હોય તો ક્ષત્રી યુધ હોય.

૧૧ ફાગણ માસે મીન શંક્રાંત આદીતવારી હોયતો ક્ષત્રી યુધ હોય રસ કસ મોઘા કરે સોમવારે હોય તો સરવે લોક સુખી.

ઇતી શંકરાંતી વીચાર શમાપ્ત.

અથ મકરશંકરાંતીનો વીચાર.

દુહા.

મકર મોટી બારમાં, કરાએ તેના તોલ;
ઢગલો થાયે ધન તણો, જો મળશે આ બોલ.

જો સોમ શુકરવારી હોય તો ખળા થકી અરધ મુલ ઊપજે જો બુધ ગુરૂવારી હોય તો જે પાડ ખળામાં હોય તે ફરે નહી તેજ રહે; શનીવારી હોયતો ખળામાંથી ચોથણો પાડ થાય. મંગળવારી હોય તો ત્રીગુણો મુલ થાય રવીવારી હોય તો દાડો ભાવ થાય.

ઇતી મકરશંકરાંતી વીચાર સમાપ્ત

અથ ગ્રહણ વીચાર

દુહા

ગુણ જોવા ગ્રહણ તણા, મનમાં ધારો ખાત;
કથ્યા પ્રમાણે જો મળે, તો રાખો નિરાંત.

૧ આદીતવારે ગ્રહણ પુરો હોય તે વારે ધાન સરવે સંગ્રહો એ દુકાળ પડે રાજ સંબંધી વીરોધ હોય.

૨ સોમવારે અરધ ગ્રહણ હોય જે વારે નર મનુષ અધપતી કસુંબો ઘ્રત તેલ આદ લઇને ગ્રહવા વીશેશ કરીને.

૩ મંગળવારે ગ્રહણ હોય તો ગોળ ઘ્રત તેલ મોંઘાં હોય ધોળા વસ્ત્ર કપાસીઆ આદ સરવે મોઘાં હોય-

૪ બુધવાર જેવારે ગ્રહણ હોય ત્યારે શોપારી રાતાં વસ્ત્ર સંગરવા બે માસે બમણો લાભ થાય.

૫ ગુરૂવારે ગ્રહણ હોય તો રાતાં વસ્ત્ર લેવાં સરવે સુગંધ વસતુ લેવી તલ તેલ લેવાં તરત લાભ હોય.

૬ સુકરવારે ગ્રહણ હોય તો સરવજન સુખી ઘણો લાભ સુગાળ હોય જશ લાભ હોય,

૭ શનીવારે ગ્રહણ હોય તો રાતી વસતુ લેવી જુવાર લેવી પીળાં વસ્ત્ર લેવાં લાભ હોય

અથ અંગ ફરકે છે તેનો વીચાર

દોહરો.

કાયા ફરકે કારમી, પડ્યો મોટી ફાળ
ફળ તેનું તપાસજો તે વેળા તતકાર,

મસ્તક ફરકે તો રાજ પામે બહુ ફરકે તો શમાગમાંહે વ સ્ત્રી મેલે ગળુ ફરકે તો લક્ષમી લાભ, કાન ફરકે તો સુભ કાર્ય હોય. હોઠ ફરકે તો લક્ષમી પ્રાપતી, પુઠ ફરકે તો રાજ પમાડે. ખભો ફરકે તો ભોગ પમાડે, કંઠ ફરકે તો પર સ્ત્રી પમાડે, હાથ ફરકે તો જય કારજ સે

ય, નાક ફરકે તો સ્ત્રી પમાડે, લલાટ ફરકે તો હા
ણુ થાય, નાભ ફરકે તો ઠામ ચુકવે, લીંગ ફરકે તો
સ્ત્રી લાભ સાથળ ફરકે તો બંધન પામે; પાસા ફરકે
તો સજન મીલે આઘોધાર ફરકે તો શરવજન પ્રીય
હોય પગનાં તળાં ફરકે તો પરદેશ જાવુ હોય પેટ ફરકે
તો ઇચ્છા ભોજન પામે.

ઇતી અંગ ફરકણુ વીચાર પુરૂશ સ્ત્રીના શમાપ્ત

અથ ગરોળી તીથી વીચાર.

દોહરા.

ગરોળી ગુણ જન શકુ, અંગ અંગ વીચાર,
આ સરવેને વાસ્તે, જો જો સહુ નરનાર.

પડવાને દીને પડેતો રોગ બીજાને દીને પડેતો કલેશ
કરે, પાંચમ તથા છઠ તથા સાતમે પડેતો ધન લાભ
કરે રાતેદવળે પડેતો લાભ કહે આઠમ તથા નોમ તથા
દશમે પડેતો મરત્યુ કહે અગીઆરશ તથા બારશે પડેતો
પુત્ર લાભ કહે બારશ તથા ચઉદશે પડેતો ધન ધાન ક
હે પુનમે તથા અમાસે વાંસે પડેતો ધનનો નાશ કહે.

ઇતી તીંથી વીચાર સમાપ્ત

અથ વાર ફળ

સોમવાર બુધવાર ગુરૂવાર, સુકર વાર એણેવારે પડેતો
વારૂ લાભ કહે બાજે વારે પડેતો કલેસ હાણ કરે

ઇતી વાર ફળ શમાપ્ત.

અથ નક્ષત્ર ફળ

પ્રથમ અશ્વની રૂડી ભરણી રોગ, કૃતીકા સંતાપ રો
હીણી સંપદા મ્રૂગશરતા. આદરા મરત્યુ કહે પુનરવસુ અને
પુખ્ય એ નક્ષત્રમાં ગરોળી પડે તો ધન કહે અસલેખા મરત્યુ કહે
મઘા શુભ કહે પુર્વા રોગ કહે ઉતરા હસ્ત લાભ, ચીત્રા
વારૂ સ્વાતી લાભ કહે વીશાખા ધન લાભ, અનુરાધા જેષ્ટા
મુરત્યુ મુળ પુર્વાસાઢા ઉતરાશાઢા સુખ કહે શ્રીરાજય કહે

ધનેષ્ટા મરણ. કહે સત ભીખા પુર્વાભો દરપદ ઉતરાવી દરપદ રેવતી શુખ શૌભાગ્ય કહીજે;

ઇતી નક્ષત્ર ફળ સમાપ્ત

અથ લગ્ન ફળ

મેખ રાશમાં પડેતો, શુખ કહીજે. વ્રશ્ચીકમાં પડેતો રાજ્ય માન્ય મીથુનમાં પડેતો ભોગ, કર્ક લગને પડેતો નાશ શીંહમાં પડેતો લાભ કહે, કંન્યા, તુળા વ્રશ્ચક ધન, મકર ધન, લાભ કુભે હાણ મીને સુખ.

ઇતી લગન વીચાર સમાપ્ત

ગરોળી લક્ષ્મીવંતને માથે પડેતો લક્ષ્મીનો નાશ કરે દાળીદ્રને માથે પડેતો દાળીદ્ર નાશે પુઠે પડેતો ભાઇ મણ કહે ઊદરે પડેતો મીષ્ટાન ભોજન કહે, અને ઉપર પડેતો તથા ડાબે પાસે પડેતો સ્ત્રી લાભ કહે, જમણે અંગે પડેતો મીત્ર લાભ કહે હાથ ઊપર પડેતો અરથ લાભ કહે પેટ વીચાલે પડેતો ગામતર કરાવે ને ગુજ્યાને પડેતો સુભ ગામતરૂ કહે જમણા પોંચા ઉપર પડેતો રાજ લાભ કહે ડાબો જંગા ઉપર પડેતો પુત્ર લાભ કહે જમણી જંગા ઉપર પડેતો અચીંતુ લક્ષ્મી ફળ હોય જો ઓલા ઉપર પડેતો સ્ત્રી સંગમનાશ કહેતથા મેજે ઢાચણ ઉપર પડેતો ગામતર કહે પેટ ઉપર પડેતોમીષ્ટ પુત્ર લાભ લલાટ ઉપર પડેતો રાજ્ય લાભ કહે

ઇતી ગરોળી [ઢેડ ગરોળી કહેછે] તેનો વીચાર સમાપ્ત.

અથ હોળીનો વાય વીચાર

દોહરા

વરસ ભાવ આગમ વળી, જોજો મારા વીર,
ના જોયો હોરી તણો, ભાગે સરવે ભીર,

પુરવ દીશાનો પોર ચાર વાય તો દુકાળ પડે પ્રથ્વી પ્રલ ય થાય અગ્નિ ખુણનો પોર ચાર વાય તો અંધ ઘણું વા ય પ્રથ્વી માથે થોડે થોડે વસ્તી રહે દક્ષીણનો પોર ચાર વાય તો કષ્ટ આવે ઉંદર ટીડ દખા આવે નઈરૂ ત્યનો પોર ચાર વાય તો નામી માઠી હોય પશ્ચીમનો પોર ચાર વાય તો નેસતો ઘણો વાવ્ય ખુણનો પોર ચાર વાય તો વેપાર કરે ઉંતર દીશાનો પોર ચાર વાય તો મે ઘણા કરે પણ હીંમ આવે ધંધ થાય પ ણીધુજે મહાયુધ થાય દશ ચાર હાલકલોલ થાય મરકી આવગી મલય થાય ઉચી ઝાળ આકાશે ચડે તો પ્રથ્વી પતી પડે.

ઈતી હોળીનો વા જોવાનાં સુકન સમાપ્ત.

અથ અખાત્રીજનો વા જોવાના સુકન

દોહરો

ત્રીજ તીથી વઈશાખની. અખાત્રીજ કહેવાય;
એનો વા જોવા તમે. સુકન જુઓ સહુ ભાઈ. ૧

પુર્વ દીસાનો એક પોર વાય તો અસાડ કોરો કાઢે, તથા વાદળાં ઉપજે દક્ષિણનો પોર એક વાય તો દુકાળ પડે ને રૂત્યનો પોર એક વાય તો કોરા કોરૂ વરસ શામુ કાઢે પ શ્ચીમનાં પોર એક વાય તો વાદળાં કરે મે ઘણા વરશે ધાન અઢાર નીપજે વાવ્યખુણનો પોર એક વાય તો ડં મર કહે ઉત્તર દીશાનો પોર એક તથા પોર ચાર જેટલો વાય તેટલો વરસે ઈસાનનો પોર એક પેલો વાયતો વરસ સોંઘુ થાય વરશ વશા પંદરનું થાય વરસ સોંઘુ થા ય પોર પેલો અસાડ જાણવો પોર બીજો શ્રાવણ જાણ વો પોર ત્રીજો ભાદરવો જાણવો. પોર ચોથો અશ્વીન જાણવો, જે પેહેલા પોરનુ ફળ કહે તે માસ ચારનું જા ણવુ જે દીશા ૮ આઠના ભેદ હોય તે જાણવા. એમ પો

રજારનુ ફળ જાણવું માસ ચાર ભલા બાકી બારભલા.

ઇતી અથ ત્રજના ર જોતાના સુકન સમાપ્ત

અથ અસાડના વા લખયોછે

પોહોર પેહેલે ઉગમણો વાય તો અસાડના દી ન તરણુ કોરા કાઢે પેહેલે પોહોર દક્ષિણનો ઘડી ચાર વાય તો અસાડના દીન પંદર કોરા કાઢે વળી પોર બીજે ઘડી ચાર વા તો અસાડ આખો કોરો કાઢે અખા તીજની દીન સુર્ય અસ્તા ગ્રહુસ્થકો જોતો વળી ચંદ્રમા આથમતો જોતો સુરસ્થકો ચંદ્રમા જમણો આથમે તો રૂડો ડાબો આથમે તો દુકાળ પડે જમણો પારીયા વીસલગી ભલો ઉપરાંત જમણો ભુંડો.

ઇતી અશાડના વાનાં શુકન સમાપ્ત.

અથ શુકર અસ્તાંગતનુ ફળ.

શ્રવણ નક્ષત્રમાં આથમે, તો દુકાળ પડે, એ પીજા કોઇક વીરલા જાણે બીજા જાણે નહી.

ઇતી શુક્રાં અસ્તાંગતનાં ફળ સમાપ્ત.

મનહર

અતીશે અરથ વાળી. ઘણા ગુણવાળી ભાળી
સરશ સે મન કરી આ બુક બનાવીછે.
શોખીલા સરવ યાર આ શમે તઇઆર;
પ્રગટ પશરો નથી એવી પોથી આવીછે.
માલ જોતાં મુલ નથી દામ દેતાં પડે ભાઇ,
હીરાના હ સમાન ઊપીયોગી થાવીછે.
એમ કે અમરચંદ શોખીલા સરવ શુણો,
અતી ઊપીયોગી આમાં બાબતો બતાવીછે,

ભુજંગી

સીખો સર્વ મિત્રો કહુ વાત છેલી,
ધરો ધ્યાનમાં શર્વથી વાત પહેલી;

કરી પ્રાણ શમાન આ બુક પ્યારી,
કહે નારણજી રાખજો ધ્યાન ધારી.

દુહો.

દેશી લોકો દીલ દઇ, વાંચો શઊઁ નરનાર;
કહે નારણજી નેહથી, રાખો પુરો પ્યાર.
અમરચંદને નીમચંદ, નારણજી ધરી નેહ;
ત્રણે મળી છપાવીયું, વાંચો પુસ્તક એહ.

समाप्त.

જાહેર ખબર

અમારે ત્યાં નવીન જાતનાં નાટકો (વેપેશ) ગાયન સાથે જુદા જુદા રાગમાં ગાવાના નાટક ભજાવેછે તેવા

સુંદર કામદાર નાટક ગાયન સાથે
ગુલબંકાવળી નાટક ગાયન સાથે
સાનીશર નાટક ગાયન સાથે
સ્ત્રી ચરીત્ર નાટક ગાયન સાથે
ભોજરાજા સ્ત્રીચરીત્ર નાટક ગાયન સાથે

એ સીવાય ઘણી જાતનાં નાટકો ગાયન સાથે આમારે ત્યાં તઈઆર થાય છે. તથા બીજા સંસ્કૃત તથા ગુજરાતી તથા હીંદુસ્તાની તથા કાયદા વીગરે નવીન જાતનાં પુસ્તકો અમારી છાપનાં સસતી કીંમતે વેચાતી મળસે.

[M બુકસેલર K]

અમદાવાદ.